# ડૉક્ટર ડે નિમિત્તે જાણીતા ડૉક્ટરોનો પરિચય

**૧ જુલાઈએ દેશ આખામાં ડોક્ટર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસને નેશનલ ડોક્ટર્સ ડે તરીકે ઓળખવામાં આવે છે.અહીં એવા ડોક્ટરો વિશે વાત કરવામાં આવી છે કે જે દેશ આખામાં તેમની તબીબી સેવાને લઈને જાણીતા છે.**



ડો. અબ્રાહમ વર્ગીસ

**મુકુંદ દોશી .** aarpar@gmail.com

૧જુલાઈએ દેશ આખામાં ડોક્ટર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસને નેશનલ ડોક્ટર્સ ડે તરીકે ઓળખવામાં આવે છે.અહીં એવા ડોક્ટરો વિશે વાત કરવામાં આવી છે કે જે દેશ આખામાં તેમની તબીબી સેવાને લઈને જાણીતા છે. ખેર, ભારતની વાત કરીએ તો કહેવું પડે કે ડોક્ટર્સ ડે એ એક મોટું જાગૃતિ અભિયાન છે. આ અભિયાન બહુધા જનસમાજના લોકોને આપણે ત્યાં કાર્ય કરતા દાક્તરી વર્ગની જવાબદારીઓ, એમની ભૂમિકા અને તેમના મહત્ત્વ પ્રત્યે જાગરૂક બનવા માટેની એક ઉમદા તક પૂરી પાડે છે. આ દિવસની ઉજવણી કરવા પાછળ જે મહત્ત્વનું નામ સંકળાયેલું છે તે ડૉ. બિધાનચંદ્ર રૉય છે.દર વર્ષે એમની સ્મૃતિમાં અને સમગ્ર તબીબી વ્યવસાયને રિસ્પેક્ટ આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારત સરકારે આ ડોક્ટર્સ ડેની શરૂઆત વર્ષ ૧૯૯૧માં કરી હતી.અલબત્ત યોગાનુયોગ એવો છે કે

**આ દિવસની ઉજવણી કરવા પાછળ જે મહત્ત્વનું નામ સંકળાયેલું છે તે ડૉ. બિધાનચંદ્ર રૉય છે.દર વર્ષે એમની સ્મૃતિમાં અને સમગ્ર તબીબી વ્યવસાયને રિસ્પેક્ટ આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારત સરકારે આ ડોક્ટર્સ ડેની શરૂઆત વર્ષ ૧૯૯૧માં કરી હતી. અલબત્ત યોગાનુયોગ એવો છે કે ૧ જુલાઈએ ડૉ. બિધાનચંદ્ર રૉયની જન્મજયંતિ છે ને આ જ તારીખે એમની મૃત્યુતિથિ પણ આવે છે.**

૧ જુલાઈએ ડૉ. બિધાનચંદ્ર રૉયની જન્મજયંતિ છે ને આ જ તારીખે એમની મૃત્યુતિથિ પણ આવે છે.

ડૉ. બિધાનચંદ્ર રૉય નો જન્મ ૧૮૮૨માં ૧ જુલાઈના રોજ થયો હતો. એમણે કલકત્તામાંથી એમનું મેડિકલ ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું હતું.એમણે એમઆરસીપી અને એફઆરસીએસની ડિગ્રી લંડનમાં મેળવી હતી.વર્ષ ૧૯૧૧માં તેઓ ભારત આવ્યા હતા. એ જ વર્ષે એમણે અહીં ફિઝિશિયન તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ કલકત્તા મેડિકલ કોલેજમાં સ્ટાફ તરીકે જોડાયા હતા.તેમની વધુ ઓળખ આપવી હોય તો એ રીતે આપી શકાય કે તેઓ બહુમુખી પ્રતિભા હતા.તેઓ ફિઝિશિયન ઉપરાંત શિક્ષણશાસ્ત્રી અને ફ્રીડમ ફાઈટર હતા.ગાંધીજી સાથે અસહકારની લડત કે આંદોલનમાં તેઓ જોડાયા હતા. ૪, ફેબ્રુઆરી ૧૯૬૧ના રોજ એમને ભારતરત્નનો ખિતાબ આપવામાં આવ્યો હતો.એંશી વર્ષની મહાન સેવા પૂરી પાડી તેઓ ૧, જુલાઈ ૧૯૬૨ના રોજ આ ફાની દુનિયા છોડીને પંચમહાભૂતમાં વિલીન થઇ ગયા. હવે આપણે ત્યાં થઇ ગયેલા કેટલાક જાણીતા ડોક્ટરો વિશે જાણીએ. જેમાંના કેટલાક હાલ સદેહે હયાત છે અને કેટલાક નથી!

**(૧) ડૉ. એ.જી.કે. ગોખલે :-**

ડૉ. એ.જી.કે. ગોખલેની ઓળખ ઇન્ડિયન કાર્ડિયાક સર્જન તરીકેની છે.તેઓ સિકંદરાબાદમાં આવેલ યશોદા હોસ્પિટલ ખાતે કાર્ય કરે છે.એક માનવીનું હૃદય અન્ય માનવીમાં પ્રત્યારોપણ કરવું એ કાર્યમાં એ.જી.કે ગોખલે સફળ એવમ કાબેલ દાક્તર છે.આંધ્રપ્રદેશની વાત કરીએ તો કહેવું પડે કે તેઓ પ્રથમ એવા ડોક્ટર છે કે જેમણે હૃદયના પ્રત્યારોપણ અને ફેફસાંના પ્રત્યારોપણમાં સફળતા હાંસલ કરી છે.આ સફળતા હાંસલ કર્યા પૂર્વે તેઓ ગ્લોબલ હોસ્પિટલ અને યશોદા હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા.સહૃદય હેલ્થ, મેડિકલ એન્ડ એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટના તેઓ ચેરમેન છે. આ ટ્રસ્ટ હૃદયરોગના ગરીબ દર્દીઓને જરૂર પડ્યે આર્થિક સહાય અને મોરલ સપોર્ટ પણ પૂરો પાડે છે. આ ટ્રસ્ટ દ્વારા હૃદયરોગ ઉપર અંકુશ લાવવા માટે જાણકારી પણ પૂરી પાડવામાં આવે છે. ગંતુર ગવર્મેન્ટ જનરલ હોસ્પિટલમાં ઓપન હાર્ટ સર્જરીનો પ્રોગ્રામ પણ ચલાવવામાં આવે છે.વ્યવસાયે હાર્ટ સર્જન અને સ્વભાવે ઉદાર એવા ડૉ. ગોખલે અને એમની કોર ટીમે તેમનાં કૌશલ્યો,સમય અને રિસોર્સીઝને જરૂરિયાતમંદ દર્દીઓ માટે સમર્પિત કર્યા છે.

**(૨). એ.કે. પટેલ**

એ.કે. પટેલ ની ઓળખ આપવી હોય તો એમ આપી શકાય કે તેઓ ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયામાં પૂર્વ યુનિયન મિનિસ્ટર ઓફ સ્ટેટ છે.જ્યારે અટલબિહારી વાજપેયીની સરકાર સત્તા પર હતી ત્યારે એમણે કેમિકલ્સ અને ફર્ટિલાઇઝર્સ માટેના મિનિસ્ટર ઓફ સ્ટેટ તરીકેની ફરજ બજાવી હતી. એમનો જન્મ મહેસાણા જિલ્લાના વડુ ગામમાં થયો હતો.તેમનાં સામાજિક મૂળિયાં અને પરિવાર બેંતાલીસ કડવા પટેલ સમાજ



ડો. લક્ષ્મણસ્વામી મુદાલિયર



ડો. બિધાનચંદ્ર રોય



ડો. એ. કે. પટેલ



ડો. એ.જી.કે. ગોખલે

કલોલથી બિલોન્ગ કરે છે.અમદાવાદમાં આવેલ બી.જે. મેડીકલ કોલેજમાંથી એમણે એમબીબીએસ પાસ કર્યું હતું. શ્રી પટેલે મહેસાણા જિલ્લાના વીજાપુરમાં અનેક વર્ષો સુધી સ્થાનિક સમાજના લોકો માટે મેડિસિનમાં પ્રેકટીસ કરી હતી.છેલ્લે એમણે સ્થાનિક સ્તરે, રાજ્ય સ્તરે અને નેશનલ લેવલે પણ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો.ડોક્ટર પટેલે રાજકારણ જોઇન કર્યા બાદ વર્ષ ૧૯૭૫થી લઇને ૧૯૮૪ સુધી ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહીને કાર્ય કર્યું હતું.પિલવાઇ કોલેજની વાત કરીએ તો કહેવું પડે કે તેના નિર્માણમાં અન્ય મહાનુભાવોની સાથે એ.કે. પટેલનું નામ પણ સામેલ છે.વર્ષ ૧૯૬૦માં ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળના મેનેજમેન્ટ હેઠળ આ કોલેજનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ કોલેજના નિર્માણ પછીતે જે મહાનુભાવોનાં નામ બોલાય છે તેમાં રામચંદ્ર અમીન, છગનભા પટેલ, ગંગારામ રાવલ અને મોતીભાઇ ચૌધરીનો સમાવેશ થાય છે.

**(૩) લક્ષ્મણસ્વામી મુદાલિયાર**

દીવાન બહાદુર સર આરકોટ લક્ષ્મણસ્વામી મુદાલિયર એક ભારતીય શિક્ષણશાસ્ત્રી અને ફિઝિશિયન હતા.તેઓ સર આરકોટ રામાસામી મુદાલિયરના ટ્વિન ભાઇ હતા.મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ જેવી જાણીતી કોલેજમાંથી તેમણે શિક્ષણ મેળવ્યું હતું. એ પછી તેમણે મદ્રાસ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે ૨૭ વર્ષ સુધી કાર્ય કર્યું હતું.ખેર, વર્ષ ૧૯૪૮માં ફર્સ્ટ વર્લ્ડ હેલ્થ એસેમ્બલી, જિનિવા ખાતે મળી હતી. અને એમાં ભારતીય પ્રતિનિધિમંડળના નેતા તરીકે લક્ષ્મણસ્વામી મુદાલિયર હતા.વર્ષ ૧૯૪૯ અને ૧૯૫૦માં તેઓ વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)ના એક્ઝિક્યુટિવ બોર્ડના ચેરમેન તરીકે પણ ચૂંટાયા હતા.

**(૪) અબ્રાહમ વર્ગીસ**

અબ્રાહમ વર્ગીસ એક બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યક્તિ છે.તેઓ ડોક્ટર અને લેખક તરીકેની ઓળખ



અદિતિ ગોવિત્રિકર

તો ધરાવે જ છે ઉપરાંત તેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી મેડિકલ સ્કૂલ ખાતે થિયરી એન્ડ પ્રેક્ટિકલ ઓફ મેડિસિનના પ્રોફેસર પણ છે.ત્રણ બેસ્ટ સેલિંગ બુક્સના તેઓ રાઇટર છે.આ પુસ્તકોમાં બે પુસ્તકો તો એમની સ્મરણકથા અંગેનાં છે.અને એક નોવેલ પણ છે.વર્ગીસે એમની મેડિકલ ટ્રેનિંગનો પ્રારંભ ઇથોપિયામાં કર્યો હતો.એ વખતે રાજાને પદભ્રષ્ટ કરવા માટે જે જનક્રાન્તિ કે જેને અંગ્રેજીમાં સિવિલ અન્રેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે ,તેને લીધે તેમના અભ્યાસમાં દખલગીરી થવા પામી હતી.રાજા પદભ્રષ્ટ થયો એ પછી માર્ક્સીસ્ટ લશ્કરી શાસને એ પ્રદેશમાં એમનું શાસન જમાવ્યું હતું.તેઓ અમેરિકામાં એમના મમ્મી, પપ્પા, અને બે ભાઇઓ સાથે આવ્યા હતા.તેમના મોટાભાઇનું નામ જ્યોર્જ વર્ગીસ છે કે જેઓ મેસ્સેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી ખાતે એન્જિનિયરિંગના પ્રોફેસર છે.

**(૫) અદિતિ ગોવિત્રિકર**

અદિતિ ગોવિત્રિકરનો જન્મ મહારાષ્ટ્રના પનવેલ ખાતે ચિતપાવન બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પનવેલની હાઇસ્કૂલમાં એમણે શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યો હતો.એમણે એમનો એમબીબીએસનો અભ્યાસ મુંબઇની ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં પૂરો કર્યો હતો.સ્નાતક થયા બાદ એમણે ગાયનેકોલોજી અને ઓબ્સેસ્ટ્રીક્સમાં એમડી કરવાનું ચાલુ કર્યું હતું પરંતુ મોડેલિંગમાં પ્રવેશતાં એમનો એ અભ્યાસ બાકી રહી જવા પામ્યો હતો.અદિતિએ મિસિસ વર્લ્ડ ૨૦૦૧નો ખિતાબ હાંસલ કર્યો એ પછી એમણે મોડેલિંગ કરવાનુ જારી રાખ્યું હતું.બોલિવૂડ અને સાઉથ ઇન્ડિયાની ઘણી ફિલ્મોમાં એમણે અનેકવિધ ભૂમિકા નિભાવી હતી. "યે મેરી લાઇફ હૈ" નામની એક હિન્દી ટીવી સિરિયલ છે જેમાં આદિતિ ગોવિત્રિકર અભિનય કરી ચૂક્યાં છે.વળી રિયાલિટી ટેલિવિઝન શ્રેણી ખતરોં કે ખિલાડીમાં (૨૦૦૮)પણ તેમણે ભાગ લીધો હતો.